પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજાઈ

વીજળી, બસ સેવા, બેંક, પેન્શન, આંગણવાડી, જમીનને લગતા પ્રશ્નો બાબતે થયેલ વિવિધ કામગીરીની કરાઈ સમીક્ષા

ગોધરા,
પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્યઓ તથા જિલ્લા સંકલન સમિતિના સંલગ્ન અધિકારીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન,ગોધરા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક જિલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમાએ ગત તથા અગાઉની મીટીંગમાં અધ્યક્ષસ્થાનેથી ચર્ચાયેલ કામગીરીની પ્રગતિ,એકશન ટેકન રીપોર્ટ,જે તે કચેરીને સીધી મળેલ પડતર અરજીઓના નિકાલ, જે તે કચેરી હસ્તકની વિવિધ યોજનાઓ તથા તેના લક્ષ્યાંકો- સિધ્ધીઓ, લોકાભીમુખ વહીવટ, નાગરીક અધિકાર પત્રની અરજીઓ, આ ઉપરાંત જિલ્લાના તાકિદના પ્રશ્નો,સરકાર તરફથી વિવિધ કચેરીઓને સોંપાયેલ ૧૦૦ દિવસની કામગીરીની પ્રગતિ વગેરે વિષયો પર જરૂરી સલાહ સૂચનો કર્યા હતા. વધુમાં તેમણે જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમા ધારાસભ્ય જયદ્રહસિંહજી પરમાર અને ફતેહસિંહ ચૌહાણ દ્વારા ગત વિવિધ પ્રશ્નો બાબતે વિવિધ ખાતાઓએ કરેલ કામગીરીની સમીક્ષા કરી હતી, જેમાં અગાઉના વીજળી, બસ સેવા, બેંક, પેન્શન, આંગણવાડી, જમીનને લગતા પ્રશ્નો બાબતે થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી. આ સાથે માનવ કલ્યાણ યોજના, આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત મેન્યુફેક્ચરિંગ કરવા માટેની યોજનાઓ, લેપ્રોસ્કોપી, સોલાર રૂફટોપ, વાહન વ્યવહાર અકસ્માત યોજના વગેરે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, ડિસ્ટ્રીક ફોરેસ્ટ ઓફિસર,જિલ્લા આયોજન અધિકારી, પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં

ડાકોર ખાતે ફાગણી પૂનમની ઉજવણી અંગે બેઠક યોજાઈ

નડિયાદ,
આગામી તા.૭મી માર્ચ ૨૦૨૩ના રોજ ફાગણી પૂનમ નિમિત્તે ખેડા જિલ્લામાં આવેલા ડાકોરના જગપ્રસિધ્ધ રાજા રણછોડરાયના મંદિરે ગુજરાત અને ગુજરાત બહારના રાજયોમાંથી ફાગણી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ અને પદયાત્રીઓ દર્શનાર્થે આવતા હોય છે.

આ પ્રસંગે શ્રધ્ધાળુઓ અને પદયાત્રીઓ સુરક્ષિત વાતાવરણમાં દર્શનનો લાભ લઈ શકે અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ખેડા જિલ્લા કલેકટર કે.એલ.બચાણીની અધ્યક્ષતામાં નડિયાદ કલેકટર કચેરી ખાતે આગોતરા આયોજન અંગે બેઠક યોજાઈ હતી. કલેકટર કે.એલ.બચાણીએ આ પ્રસંગે સંલગ્ન વિભાગો પાસેથી ફાગણી પૂનમને અનુલક્ષીને કરવામાં આવનાર વ્યવસ્થાની જાણકારી મેળવી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા, નિવાસી અધિક કલેકટર બી.એસ.પટેલ, ઠાસરા પ્રાંત અધિકાર રિષ્ધિબેન શુકલ, ડાકોર ટેમ્પલ કમિટીના સદસ્યો સહિત જિલ્લાના સંકલન અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

દેવગઢ બારીયા નગરપાલિકા સ્થાપના દિવસની રંગે ચંગે ઉજવણી

(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

(પ્રતિનિધિ) દેવ.બારીઆ,
દેવગઢ બારીયા નગરપાલિકા દ્વારા નગરપાલિકાના સ્થાપના દિવસ ઉજવવાનો કાર્યક્રમ દિવસનો એક દેવગઢ ફેસ્ટિવલ ૨૦૨૩ નું આયોજન નગરપાલિકા પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું છે. જેનો ઉદ્ઘાટન કાર્યક્રમ આજરોજ ૨૦ જાન્યુઆરીના રોજ યોજાયો હતો. જેમાં ગુજરાત સરકારના મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, શંકરભાઈ અમલીયાર જીલ્લા ભાજપ પ્રમુખ, રાજવી પરિવારના રાજમાતા ઉર્વશીદેવીજી, નગરપાલિકા પ્રમુખ ડોક્ટર ચાર્મીબેન સોની ઉપપ્રમુખ ગૌરાંગભાઈ પંડ્યા કારોબારી અધ્યક્ષ સર્જનબા ગોહિલ અને દેવગઢબારીયા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારત દેશ આઝાદ થયો જેમાં ગ્રહનું શાસન ચાલી રહ્યું હતું જેમાં ખેડૂતો પર આકરા કર લાગતા હતા ઝૂંપડાઓને સ્થાનિક પાયાની સુવિધા વસવાટમાં રૂપાંતર થયો હતો. પૂર્તિ પાયાની સુવિધા મળે અને નગરો શું આયોજિત અને સ્વચ્છ થાય તે માટે સરકાર દ્વારા મુંબઈ નગર અધિનિયમ ૧૯૧૫ માં અસ્તિત્વમાં આવ્યો હતો. જે દેવગઢબારિયા નગરનો દરજ્જો ૧૯૧૫ માં મળ્યો હતો. ૨૦ જાન્યુઆરી ૧૯૧૫ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૩ એટલે ૧૦૮ વર્ષ પૂર્ણ કરી ૧૦૯માં વર્ષમાં પ્રવેશ મેળવતા નગરની ૧૦૯ માં વર્ષની ભવ્ય ઉજવણી નગરપાલિકાના પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી.૧૯૫૧ થી નગરપાલિકા અસ્તિત્વમાં આવી હતી. આ નગર પંચાયતના પ્રથમ પ્રમુખથી અત્યાર સુધીના પ્રમુખોનું સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓલ ગુજરાત ડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવી હતી સાથે નગરનો સ્થાપના દિવસ ત્રણ દિવસ કાર્યક્રમમાં યોજવામાં આવશે. જેમાં આજે સ્વચ્છતા અને નગરની જાગૃતિ માટે સાયકલ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ફનફેર અને સાંત્વની ત્રિવેદી બહાદુર ગઢવી અને રમેશ મીર દ્વારા ભવ્ય સંગીત સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે આમ દેવગઢ ફેસ્ટિવલ ત્રણ દિવસીયક ભરપૂર કાર્યક્રમ દેવગઢબારિયા સ્થાપનાની ઉજવણી અંતર્ગત થનાર છે.

સેલવાસની સુરંગી પંચાયતમાં રાત્રિ ચૌપાલનું આયોજન કરાયું

(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) સેલવાસ,
દાદરા નગર હવેલીના સુરંગી પંચાયતના ચીખલી નંદુપાડામાં ગ્રામજનો માટે રાત્રિ ચૌપાલનું આયોજન કરવામા આવ્યું હતું. જેનો ઉદેશ્ય સાફ-સફાઈ અને ૭૪મા ગણતંત્ર દિવસ અને ત્રીજી એનિવર્સરી દાદરા નગર હવેલી અને દમણ-દીવ મર્જર દિવસ નિમિતે જિલ્લા પંચાયતના ડીપીઓની અધ્યક્ષતામાં ગ્રામજનોને પેમ્પલેટ આપવામાં આવ્યા હતા. બાદમાં ગ્રામજનોને સ્વચ્છતા સુવિધાનો ઉપયોગ કરવા સાથે સ્વચ્છતાનું પાલન કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. એસએચજી ગ્રુપ દ્વારા સ્વચ્છતા અંગે સંબોધન કરતા 'સુકો કચરો અને ભીનો કચરો' અલગ અલગ રાખવા અને બેટરી, બલ્બ, કાચ, ઈલેક્ટ્રીક સામાનને અલગ અલગ રાખવા અને અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા અને કચરાની ગાડી આવે ત્યારે તેમાં અલગ અલગ 'સૂકો ભીનો કચરો' આપવો. જેથી પ્રોસેસિંગ પ્રક્રિયામાં કોઈ તકલીફ ન પડે. આ કચરાનું ખાતર અને રિસાયક્લિંગની પ્રક્રિયા થઈ શકે અને કચરાની ગાડી નહીં આવે તો ટોલ ફ્રી નંબર પર ફોન કરવા સુચિત કરવામાં આવ્યા હતા.

આની સાથે રાત્રી ચૌપાલમાં ઉપસ્થિત અધિકારીઓએ ગ્રામજનોને જણાવ્યું કે ગણતંત્ર દિવસ અને ત્રીજી એનીવર્સરી કેન્દ્ર શાસિત દાનહ અને દમણ- દીવ મર્જર દિવસ ૧૯ જાન્યુઆરીથી ૨૧જાન્યુઆરી સુધી પ્રદેશના દરેક ગામોમાં વોર્ડ મુજબ આવી રાત્રી ચૌપાલ અને ગ્રામસભાનું આયોજન કરવામા આવશે. જેથી સ્વચ્છતાને એક જન ભાગીદારી આંદોલન બનાવવામાં આવશે. આ અવસરે જિલ્લા પંચાયત વિકાસ અને આયોજન અધિકારી, જિ.પં.સભ્ય, સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

મીઠાના રણમાં પહોંચ્યા મા નર્મદાના નીરઃ ચાતક નજરે પાણીની રાહ જોતા લાખો ખેડૂતોની આશા ફળી

બનાસકાંઠાના સરહદી ગામ લોદ્રાણીમાં નર્મદાના નીર પહોંચવાથી સિંચાઇની સુવિધાનો લાભ થશે

(માહિતી બ્યુરો, પાલનપુર)
ગુજરાતની સમૃદ્ધિના દ્વાર ખોલનારી બહુહેતુક નર્મદા યોજના બનાસકાંઠા જિલ્લા માટે રણમાં મીઠી વીરડી સમાન સાબિત થઇ છે. બનાસકાંઠા જિલ્લો કચ્છના રણને અડીને આવેલો જિલ્લો છે. આ જિલ્લાના ઘણા ગામડાઓ પાકિસ્તાનની સરહદ નજીક આવેલા છે. આવા ગામોમાં સૂઇગામ અને વાવ તાલુકાના ગામોનો સમાવેશ થાય છે. આજે આપણે એક એવા જ ગામ વાવ તાલુકાના લોદ્રાણીની વાત કરવી છે. વાવ તાલુકાનું લોદ્રાણી ગામ ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર ૩૨ કિ.મી.ના અંતરે આવેલું છે. આ વિસ્તારની જમીનમાં ખારાશનું પ્રમાણ વધારે હોવાથી ભૂજળ ખારા છે. આ ગામની મુલાકાત લેતાં કચ્છના સફેદ રણમાં ફરતા હોય એવો અહેસાસ થાય છે. આ ગામની આશરે કુલ બે હજાર જેટલી વસ્તી ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે પોતાનો જીવન નિર્વાહ કરે છે.

વાવ તાલુકાના લોદ્રાણી ગામમાં નર્મદાના નીર પહોંચવાથી પીવાના પાણીની સાથે સાથે સિંચાઈની સમસ્યાઓનો કાયમી અંત આવશે. લોદ્રાણી ગામના અગ્રણીશ્રી શ્રવણભાઇ રાણાભાઇ મણવરે જણાવ્યું કે, આજથી આઠ દસ વર્ષ પહેલાં ગામમાં નહેર તો આવી હતી, પરંતું છેવાડાનું ગામ હોવાથી અહીં સુધી પાણી પહોંચતું નહોતું, અહીં તો પીવાના પાણીના પણ ફાંફા હતા પરંતું આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે અમારી ચિંતા કરી અહીં સુધી નર્મદાનું પાણી પહોંચાડ્યું છે. અમારા ગામના આથમણી નામના તળાવને ભરવાનું કામ નર્મદા નિગમે કર્યુ છે જેનાથી ખેડુતો સહિત પશુ-પંખીઓને પીવાનું પાણી મળી રહેશે.

લોદ્રાણીના ઠાકરશીભાઇ જેઠાભાઇ દેસાઇએ જણાવ્યું કે, અમારા ગામમાં સરકારે નર્મદાનું પાણી પહોંચાડ્યું છે એ બદલ સરકારનો આભાર માનું છું. અમે ખેતરમાં પ્રથમ વખત જીરા નું વાવેતર કર્યુ છે. આ રીતે નિયમિત પાણી મળતું રહે એવી સરકારને વિનંતી કરીએ છીએ.

માલધારીશ્રી માનાભાઇ પાંચાભાઇ રબારીએ જણાવ્યું કે, આ ગામની ૩ હજારથી વધુ ગાયોને ચરાવવાનું કામ કરું છું. સરકારે અમારા ગામમાં નર્મદાના નીર પહોંચાડી ખુબ મોટું સેવાનું કામ કર્યુ છે. અમે પાણી જોઈને ખુબ ખુશ થયા છીએ એટલે સરકારને આશીર્વાદ આપીએ છીએ કે તમે અમારા જીવતે જીવ અમારા ગામમાં પાણી પહોંચાડ્યું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા વર્ષોથી નર્મદાના પાણીની ચાતક નજરે રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું વર્ષ-૨૦૦૮માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે સાકાર કર્યું હતુ.

રાજ્યમંત્રીએ દેવગઢ બારીયા ખાતેની સાંસદ ખેલ સ્પર્ધાનો કરાવ્યો પ્રારંભ

(પ્રતિનિધિ) દેવ.બારીઆ,
દેવગઢ બારિયા નગરમાં આવેલ સ્વ.જયદીપસિંહજી રમત ગમત સંકુલ ખાતે દેવગઢ બારીયાના ધારાસભ્ય અને પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડેની અધ્યક્ષતામાં સાંસદ ખેલ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. ૭ વિધાનસભા બેઠકો ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ૧૫ હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો છે. તેમજ વિવિધ બાર રમતોમાં સ્પર્ધા યોજાશે.

દેવગઢ બારીયાના રમત ગમત સંકુલ ખાતેથી ઉપસ્થિત ખેલાડીઓ-વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોને સંબોધતા રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, રમત ગમત એ વિદ્યાર્થીઓના શારિરીક માનસિક વિકાસ માટે મહત્વનો હોય દરેક વિદ્યાર્થીઓએ રમત ગમતમાં ભાગ લેવો જોઈએ. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમત ગમત ઉપર ખાસ ભાર મૂકયો છે. તેમણે ગુજરાત રાજ્યમાંથી જ ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમાં ખેલ મહાકુંભ થકી અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રાપ્ત થયા છે. જે પ્રધાનમંત્રીશ્રીના દીધર્દ્રષ્ટિપૂર્ણ વિઝનને આભારી છે. તેમણે જણાવ્યું કે, રાજ્યમાં ખેલાડીઓ રમત ગમત ક્ષેત્રે આગળ વધે એ માટે તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. પરિણામે આપણા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુંદર દેખાવ કરી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા મહિલા ખેલાડીઓને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉત્તમ પ્રદર્શન કરનારા ખેલાડીનું ઉચિત સન્માન કરાય છે. અહીંના દેવગઢ બારીયાનું રમત ગમત સંકુલ થકી અનેક ખેલાડીઓને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સુંદર દેખાવ કરવા માટે પ્લેટફોર્મ મળ્યું છે.

રાજ્યમંત્રી શ્રી ખાબડે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને પગલે વિધાનસભાની સાત બેઠકો ખાતે યોજાનારી સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે કર્યું છે. ત્યારે આ સ્પર્ધામાં ૧૫ હજારથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે. અહીં દેવગઢ બારીયા ખાતેથી ૧૦૦૦ થી પણ વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે અને કુલ બાર રમતો જેમાં એથ્લેટીક્સ, કબડ્ડી, હોકી, આર્ચરી, રસ્સાખેંચ, વોલીબોલ, કરાટે, ક્રિકેટ, કુસ્તી, જુડો, સ્વિમિંગ, ખો-ખો સહિતની રમતો રમાશે. વિજેતા ખેલાડીઓને મેડલ, પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાશે.

"માંગા હોકુસાઈ માંગા આર્ટ શો"નું અમદાવાદ ખાતે ઉદ્ઘાટન

અમદાવાદ,
જાપાન અને ભારત વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે અને માંગા એટલે કે કાર્ટૂન, ઉકિયો-ઈ ક્લાસિક પેઈન્ટિંગ્સ અને પુસ્તક દ્વારા જાપાનની શ્રેષ્ઠ કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરવા માટે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનનાં જાપાન ઈન્ફર્મેશન અને સ્ટડી સેન્ટર દ્વારા મુંબઈ ખાતેનાં જાપાનના કોન્સ્યુલેટ-જનરલના સહયોગથી આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન નવી દિલ્હીમાં શરૂ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ચેન્નાઈ, કોલકાતા અને મુંબઈમાં યોજાયું હતું. આ પ્રદર્શન માંગા હોકુસાઈ માંગા આર્ટ શો તરીકે જાણીતું છે જેમાં ગ્રાન્ડ માસ્ટર હોકુસાઈનું ઉત્કૃષ્ટ માંગા કલાકારોના સમકાલીન સર્જન સાથે ઉકિયો-ઈ ક્લાસિક્સનું પ્રદર્શન સામેલ છે.

એએમએ ખાતે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન ૨૦મી જાન્યુઆરીએ અમિત અંબાલાલ, જાણીતા કલાકાર અને તોશિહિરો કાનેકો, ચીફ કોન્સલ, મુંબઈમાં જાપાનના કોન્સ્યુલેટ-જનરલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે ઈન્ડો-જાપાન ફ્રેન્ડશિપ એસોસિએશનના પ્રમુખ મુકેશ પટેલ અને એએમએના પ્રમુખ દેવ્યેશ રાડિયાએ આવા માંગા સર્જનો દ્વારા ભારત અને જાપાન વચ્ચેના અનોખા સાંસ્કૃતિક બંધન વિશે સંબોધન કર્યું હતું. જાપાન અને ભારતમાં કાર્ટૂન અને કોમિક્સ ખૂબ જ લોકપ્રિય છે.

વાપી ડીવાઇન હ્યુન્ડાઇ શોરૂમ ખાતે ગ્રાન્ડ આઈ ટેન નિયોસ કારનું લોન્ચિંગ

વાપી,
વાપી ના ડીવાઈન હ્યુન્ડાઈ શોરૂમ ખાતે શુક્રવારે બપોરે ૧૨.૩૦ કલાકે ગ્રાન્ડ આઈ ટેન નીયોસ કાર ના ફેસ લિફ્ટ નો લોંચિંગ કરવામાં આવ્યું હતું જેમાં હ્યુન્ડાઈ ના માનવંતા ગ્રાહકો ને આમંત્રિત કરવામાં આવ્યા હતા આ સાથે અનેક બેંકો ના લોન વિભાગ ના અધિકારીઓ અને શોરૂમ સ્ટાફ સમેત ડીવાઈન હ્યુન્ડાઈના એમ ડી પિયુષ દેસાઈ, ડાયરેક્ટર નિસર્ગ દેસાઈ હાજર રહ્યા હતા કાર નો અનાવરણ કર્યા પછી કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી ત્યાર પશ્ચાત ડીવાઈન હ્યુન્ડાઈ ના એમ ડી પિયુષ દેસાઈ અને ડાયરેક્ટર નિસર્ગ દેસાઈ દ્વારા કાર ની અનેક ખૂબીઓ નો સરસ ચિતાર રજૂ કરી માનવંતા મહેમાનો ને માહિતગાર કર્યા હતા તેમને જણાવ્યુ કે આ કાર પેટ્રોલમાં ૧૨લીટર અને સી એન જી માં ઉપલબ્ધ છે. સાથે આમા નવા સેફટી ફીચર્સ જેમ કે, સ્ટાન્ડર્ડ ૪ એર બેગ તથા અન્ય મોડલમાં ૬ એર બેગ, વાયરલેસ મોબાઈલ ચાર્જર, સ્માર્ટ કી, ઓટો એસી, ઈ એસ સી, એચ એ સી, ટી પી એમ એસ જેવા અનેક ફીચર્સ સાથે ઉપલબ્ધ થશે. આ કારની શરૂઆતી કિંમત રૂા. ૫.૬૮ લાખ રાખવામાં આવેલ છે.

બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં

જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતીની બેઠક યોજાઈ

(માહિતી બ્યુરો, પાલનપુર)
બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી પાલનપુર ખાતે જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા વિવિધ વિભાગોને પુછાયેલા પ્રશ્નોનો અધિકારીશ્રીઓ દ્વારા પાઠવવામાં આવેલ જવાબ સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતીની બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરિટી, રેલવે, નગરપાલિકા, રખડતાં ઢોરની સમસ્યા, સુજલામ સુફલામ યોજના, ટ્રાફિક સમસ્યા, સિંચાઈ, સસ્તા અનાજની દુકાન, મનરેગા યોજના, વિવિધ સરકારી યોજનાના લાભાર્થીઓની વિગત, પોલીસ વિભાગ, માર્ગ મકાન વિભાગ સહિતના વિભાગોને લગતા પ્રશ્નો અને સમસ્યાઓની ચર્ચા ધારાસભ્યશ્રીઓના પ્રશ્નો સંદર્ભે કરવામાં આવી હતી.

નામ બદલેલ છે
મે મારૂ નામ **સૂરજસીંગ રતનસીંગ રાજપૂત** હતું જે બદલીને **સૂરજસીંગ રતનસીંગ સીસોદિયા** કરેલ છે.
સરનામું : ૩/૬૩, એલીસબ્રિજ પોલીસલાઈન નગરી હોસ્પિટલની સામે, એલીસબ્રીજ અમદાવાદ
4465

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
એન્જિનિયરિંગ વિભાગ
ઈ-ટેન્ડર નોટિસ નંબર DRM-BRC 109 of 2022-23; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે: **અ.નં. (1) ટેન્ડર નં. અને કામનું નામ: DRM BRC 109 of 2022-23. પ્રતાપનગર:-** B નં. 6A પાસે સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે કેર ટેકર રૂમ, શૌચાલય, પાથવે, શેડ ની જીગવાઈનાં સંબંધમાં પ્રસ્તાવિત સિવિલ કાર્યો અને અન્ય સંલગ્ન કાર્યો. **કામની અંદાજીત ખર્ચ:** ₹41,07,574.35/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 82,200.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર **તા. 10.02.2023** ના રોજ **15.00 કલાક** પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે **15.30 કલાકે** ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.
W/623/NIT of 2022-23 dated 18.01.2023 225
અમને લાઇક કરો: facebook.com/WesternRly

સાકાર હેલ્થકેર લીમીટેડ
[CIN: L24231GJ2004PLC043861]
રજી. ઓફિસ : બ્લોક નં.૧૦-૧૩, સરખેજ-બાવળા રોડ, ગામ-ચાંગોદર, જી. અમદાવાદ-૩૮૨૨૧૩
અસાધારણ સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ
આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની અસાધારણ સામાન્ય સભા (EGM) સોમવાર, ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (VC)/અન્ય ઓડીઓ વિડિયો માધ્યમ (OAVM) દ્વારા યોજાશે. જે EGM નોટીસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ સારુ મળશે.
કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના સામાન્ય પરિપત્ર નં. ૧૧/૨૦૨૨ તારીખ ૨૮.૧૨.૨૦૨૨, સામાન્ય પરિપત્ર નં. ૩/૨૦૨૨ તારીખ ૦૫.૦૫.૨૦૨૨ અને સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૦૮.૦૪.૨૦૨૦ દ્વારા અને સેબીના પરિપત્રોએ સામાન્ય સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના, VC/OAVM દ્વારા EGM યોજવાની મંજૂરી આપી છે. આ પરિપત્રો અને કંપની અધિનિયમ, ૨૦૧૩ અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર જરૂરીયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ની સંબંધિત જોગવાઈઓના પાલનમાં, કંપનીના સભ્યોની EGM VC/OAVM દ્વારા યોજવામાં આવશે.
ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં EGMની નોટિસ સ્પષ્ટીકરણાત્મક નિવેદન સાથે જે સભ્યોના E-Mail ID કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવશે. સભ્યોએ નોંધ લેવી કે EGMની નોટિસ તથા સ્પષ્ટીકરણાત્મક નિવેદન કંપનીની વેબસાઈટ www.sakarhealthcare.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા સીડીએસએલની વેબસાઈટ : www.evotingindia.com પર પણ ઉપલબ્ધ થશે. સભ્યો EGMમાં ફક્ત VC/OAVM દ્વારા હાજર રહી શકશે અને ભાગ લઈ શકશે. EGMમાં જોડાવવાની વિગતો/સુચનો EGMની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, VC/OAVM દ્વારા જોડાયેલ સભ્યોને, કોરમની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.
કંપની દ્વારા તમામ સભ્યોને EGMની નોટિસમાં વર્ણવવામાં આવેલ તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા EGMની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા પણ EGM દરમિયાન કંપની દ્વારા અપાશે.
જે સભ્યોએ પોતાના E-Mail ID કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ નોટિસ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે :
૧. જે સભ્યો ફિઝિકલ શેર ધરાવે છે : ફોલિયો નંબર, શેર સર્ટિફિકેટની સ્કેન્ડ કોપી (આગળ અને પાછળ), પાન કાર્ડ (સ્વ. પ્રમાણિત પાન કાર્ડની સ્કેન્ડ કોપી), આધાર કાર્ડ (સ્વ.પ્રમાણિત આધાર કાર્ડની સ્કેન્ડ કોપી). વગેરે વિગતો કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, લીન્ક ઈન ટાઈમ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના E-Mail ID : ahmedabad@linkintime.co.in ; rnt.helpdesk@linkintime.co.in. પર મોકલવી.
૨. જે સભ્યો ડિમેટ માધ્યમથી શેર ધરાવે છે તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા E-Mail દ્વારા ahmedabad@linkintime.co.in ; r